# ભૂસ્તર વિભાગનો સપાટો

**ડીસા પંથકમાંથી રોયલ્ટી ચોરી અને ઓવરલોડ ૪ ડમ્પર ઝડપાયા : ડમ્પર માલિકને રૂ.૯ લાખના દંડ સાથે રૂ. ૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરાયો.**




સરહદી બનાસકાંઠા જિલ્લાના ભૂસ્તર વિભાગએ રોયલ્ટી ચોરી કરતા માફિયા ઓ સામે સપાટો બોલાવ્યો છે. ભૂસ્તર વિભાગે ડીસા પંથકમાંથી રોયલ્ટી ચોરી અને ઓવરલોડ ૪ ડમ્પરો સહિત કુલ રૂ. ૧ કરોડનો મુદ્દામાલ કબ્જે લઈ રૂ.૯ લાખનો દંડ ફટકારતા ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટી ચોરી થતી હોવાની વ્યાપક ફરીયાદો વચ્ચે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોશી દ્વારા સ્ટાફ સાથે આજરોજ વહેલી સવારે ડીસા પંથકમાં વહેલી સવારે ઓચિંતુ ચેકીંગ હાથ ધરવમાં આવ્યુ હતુ. જેમાં ચાર ડંપરોને ઝડપી ડમ્પર માલીકને રૂ. નવ લાખનો દંડ ફટકારવા માં આવ્યો હતો. તેમજ એક કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# હિંમતનગરના ચાંપલાનાર ગામે દિવ્યાંગ યુવકના અનોખા લગ્ન

હિંમતનગર, તા. ૧૧

હાલ લગ્નસરાની સીઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામે માનસિક રીતે દિવ્યાંગ યુવક લોકોના વરઘોડા જોઈ ઉત્સાહિત બની જતો હતો અને તેને પણ વરરાજા બનાવની ઈચ્છા થતા સતત ઘરના સભ્યો આગળ મારા લગ્ન ક્યારે...? નું રટણ કરતા પરિવારજનોએ પણ દિવ્યાંગ યુવકની ઈચ્છા પૂર્ણ કરવા લગ્ન કંકોત્રી છપાવી, વરઘોડો કાઢી જમણવાર રાખી પુત્રની ઈચ્છા પૂર્ણ કરી અનોખા લગ્ન યોજ્યા હતા.

હિંમતનગરના ચાંપલાનાર ગામે એક અનોખી રીતે લગ્ન પ્રસંગ યોજાયો હતો જેમાં વરરાજા ખરા....વરઘોડો પણ ખરો...જમણવાર પણ ખરો...માત્ર કન્યા જ નહિ...

આ અનોખા લગ્ન સમારોહમાં પરિવારજનો, સગા સંબંધીઓ અને ગામલોકો જોડાયા હતા અને નાચ-ગાન સાથે લગ્ન પ્રસંગને માણ્યો હતો.

હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામનો અજય ઉર્ફે પોપટ બાળપણથી જ માનસિક રીતે દિવ્યાંગ છે. તેની બાળપણથી જ ઈચ્છા હતી કે તેનો વરઘોડો પણ ધામધૂમથી નીકળે ત્યારે શુક્રવારે ચાંપલાનાર ગામે અજય ઉર્ફે પોપટનો જાહોજહાલીભર્યા માહોલ સાથે વરઘોડો યોજાયો હતો પરંતુ અજયના આ લગ્ન માત્ર વરઘોડા સુધી જ સીમિત હતા. એનાથી આગળની લગ્ન વિધિ આ વરરાજાના નસીબમાં ન હતી.

આ લગ્ન પ્રસંગ વિષે વાત કરતા અજયના પિતા વિષ્ણુભાઈએ જણાવ્યું હતું કે, ચાંપલાનાર ગામમાં ગમે તેનું લગ્ન હોય કે પછી હોય નવરાત્રી....નાચવામાં અજય પાછો ના પડે...બીજાના લગ્નના વરઘોડા જોઈને અજય હમેશા પૂછતો કે એના લગ્ન ક્યારે.? અને આ સવાલ સાંભળી મારી અને મારી પત્ની જે અજયની સાવકી હોવા છતાં પોતાની સગી માતા કરતા સવિશેષ એવી તેની માતાની આંખમાં આંસુ આવી જતા અને. છેલ્લે અજયના મામા કમલેશ બારોટે ભાણેજની ઈચ્છા પૂર્ણ કરવા સહકાર અપાતા અનોખા લગ્ન યોજી અજય ઉર્ફે પોપટના લગ્નપ્રસંગ ધામધૂમથી યોજ્યો હતો.

અજયના મામા કમલેશભાઈ બારોટે જણાવ્યું હતું કે અજયના નસીબમાં લગ્ન ન હતા તેમ છતાં તેની બાળપણથી અત્યાર સુધીની લગ્ન કરવાની તમન્ના પૂર્ણ કરવા માટે લગ્ન યોજવામાં આવ્યા હતા.

માનસિક રીતે દિવ્યાંગ લોકોના નસીબમાં લગ્ન નથી હોતા. તેમના પણ મનમાં લગ્નનાં ઓરતા હોય છે ત્યારે અજય આ બાબતે નસીબદાર રહ્યો હતો અને તેનું વરરાજા બનવાનું સ્વપ્ન પરિવારે



વાસ્તવિકતામાં પલટી નાખ્યા હતા. જેથી ભલે લગ્નમાં કન્યા ન હતી મળવાની તેમ છતાં લગ્નનો હરખ અજયના ચહેરા પર ઝળકી ઉઠ્યો હતો અને સતત ખુશીથી જુમી ઉઠ્યો હતો.

## શામળાજી વીજપોલ પર મેઇન્ટેનન્સ સમયે

# આકસ્મિક વીજ પ્રવાહ ચાલુ થતા બે કર્મચારીઓ પટકાયા

શામળાજી, તા. ૧૧

વીજપ્રવાહ સાથે તાલમેલ મિલાવી જીવના જોખમે વીજતંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ



મેઈન્ટેનન્સ સમયે અનેકવાર અસામાજિક તત્વો અને તંત્રની બેદરકારીના લીધે અનેકવાર વીજકરંટ લાગવાથી મોત નિપજાવાની અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હોવની અનેક ઘટનાઓ બની છે. ત્યારે શામળાજી વીજતંત્રમાં ફરજ બજાવતા બે કર્મચારીઓ અસાલ ગામે મેન્ટેનન્સ માટે વીજપોલ પર ચઢ્યા હતા ત્યારે ગેરકાયદેસર વીજપુરવઠો મેળવવા ત્રણ શખ્સોએ ડીઝલ જનરેટર વડે વીજપુરવઠો ઉત્પન્ન કરી અસાલ ગામની જ્યોતિગ્રામ વીજલાઈનમાં આપતા વીજકરંટથી બંને કર્મચારીઓ વીજપોલ પરથી પટકાતા બંને કર્મચારીઓ ઈજાગ્રસ્ત થતા મોડાસા સારવાર અર્થે ખસેડાયા હતા જેમાં એક કર્મચારી ગંભીર હોવાથી અમદાવાદ સારવાર અર્થે ખસેડાયો હતો.

અરવલ્લી જીલ્લાના જીઈબીના શામળાજી ડિવિઝનના આઠથી દસ જેટલા કર્મચારીઓ મેન્ટેનન્સ માટે અસાલ ગામે ગયા હતા. વીજપ્રવાહ બંધ કરી મેન્ટેનન્સની કામગીરીમાં જોતરાયા હતા. શામળાજીમાં હેલ્પરની નોકરી કરનાર ભરતભાઈ રામાભાઈ પ્રજાપતિ અને દિનેશભાઈ વાલાભાઈ રાઠોડ અસાલ જ્યોતિગ્રામ વીજલાઈન બંધ કર્યો હોવા છતાં વીજસપ્લાય બંધ હોવાનું જાણવા છતાં શૈલેષ બાબુભાઈ પરમાર, વિક્રમસિંહ મંગળસિંહ પરમાર (બંને રહે. બલોચપુરા, હિંમતનગર) તથા રજની ખાતુભાઈ સોલંકી (રહે.જનાલી તા. ભિલોડા) નામના ત્રણે શખ્સોએ શામળાજી ફૂટકોટ ખાતે ગેરકાયદેસર વીજપુરવઠો મેળવવા ૬૨.૫ કેવી વીજપુરવઠો ઉત્પન્ન કરી શકે તેવા ડીઝલ જનરેટર વડે વીજપુરવઠો ઉત્પન્ન કરી અસાલ જ્યોતીગ્રામની વીજલાઈનમાં સીધો આપી તે મારફતે શામળિયા ફૂટકોટ ખાતે વીજપુરવઠો મેળવી ગેરકાયદેસર પુરવઠો મેળવવા અસાલ જ્યોતીગ્રામનો વીજપુરવઠો ચાલુ થતા બંને હેલ્પર નીચે પટકાતા બંને હેલ્પરના શરીરે ગંભીર ઈજાઓ થતા બંને હેલ્પરને મોડાસા સારવાર અર્થે ખસેડાયા હતા. જેમાં દિનેશભાઈ વાલાભાઈ રાઠોડ નામના હેલ્પરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ વધુ સારવાર અર્થે અમદાવાદ દવાખાને ખસેડાયો હતો.

શામળાજી પોલીસે ગોવિંદભાઈ સળુભાઈ બજાત (નાયબ ઈજનેર, યુ.જી.વી.સી.એલ., શામળાજી)ની ફરિયાદના આધારે શૈલેષ બાબુભાઈ પરમાર, વિક્રમસિંહ મંગળસિંહ પરમાર (બંને રહે બલોચપુરા, હિંમતનગર) તથા રજની ખાતુભાઈ સોલંકી (રહે.જનાલી તા.ભિલોડા) ત્રણે શખ્સો સામે ઈપીકો કલમ-૩૩૭, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# બાદરપુરા(ભૂતેડી)માં ૫ લોકોને ખોરાકી ઝેરની અસર

**સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા**

પાલનપુર તાલુકાના બાદરપુરા(ભૂતેડી) ગામમાં એક પરિવારના ૫ સભ્યોને ઘેંસ ખાધા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુર તાલુકાના બાદરપુરા(ભૂતેડી) ગામમાં રહેતા મૂળ સુરપગલા ગામના સાંકળાભાઈ સોમાભાઈ મોરી પરિવાર ના સભ્યોએ ભોજનમાં ઘેંસ ખાધી હતી. ઘેંસ ખાધા બાદ તેઓની તબિયત લથડી હતી. તબિયત બગડતા મોરી પરિવારના ૩ બાળકો સહિત ૫ સભ્યો ને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

## વદરાડથી સમાજવાડી જતા

# રોડ પરના વીજપોલ ખસેડવામાં વીજ કંપનીના ગલ્લાતલ્લા

હિંમતનગર, તા. ૧૧

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામના તળાવથી સમાજવાડી થઈને પ્રાંતિજ જીઈબી સુધીના રોડ પર આવેલ નડતરરૂપ વીજપોલ અને ડીપીને રોડ વચ્ચેથી ખસેડવામાં ન આવતા ના છુટકે ઈજારદારને તેટલા વિસ્તારમાંથી નિકળતા રોડનું કામ બાકી રાખવુ પડ્યુ છે. જોકે આ વીજપોલ ખસેડવા માટે માર્ગ અને મકાન વિભાગે વીજ કંપનીમાં મજુરી પેટે થતા ખર્ચનું એસ્ટીમેન્ટ ભરી દીધુ હોવા છતાં વીજ કંપનીના અધિકારીઓ આ વીજપોલ ખસેડવા માટે કોઈ દરકાર કરતા નથી.

આ અંગે વદરાડના ગ્રામજનોનું કહેવું છે કે તળાવથી સમાજવાડી થઈ પ્રાંતિજ જતા રોડનું અંતર અન્ય રોડ કરતા ઓછુ હોવાને કારણે વાહનચાલકો આ રોડ પર થઈને નિકળવાનુ પસંદ કરે છે. પરંતુ રોડની અધવચ્ચે આવેલા વિસ્તારમાં વીજ કંપનીએ અગાઉ નાખેલા વીજપોલ અત્યારે અડચણરૂપ સાબિત થઈ રહ્યા છે. જોકે આ વીજપોલને ખસેડવા માટે માર્ગ અને મકાન વિભાગે છ માસ અગાઉ અંદાજે રૂ. ૪૦ હજારથી વધુનુ એસ્ટીમેન્ટ વીજ કંપનીને ભરપાઈ કરી દીધુ છે. તેમ છતાં અધિકારીઓ પ્રજાની મુશ્કેલી દુર કરવાને બદલે રજુઆત કરનાર સમક્ષ ગલ્લાતલ્લા કરીને સંતોષકારક જવાબ આપતા ન હોવાનું ગ્રામજનોનું કહેવું છે.

અનેક લોકોએ વીજકંપનીમાં જઈને અધિકારીઓ સમક્ષ રજુઆતો કરી હોવા છતાં વીજપોલ ખસેડવામાં ન આવતા અત્યારે ના છુટકે ઈજારદારને ૧૦૦ મીટર વિસ્તારનું કામ અધુરૂ રાખવુ પડ્યુ છે. જો વીજ કંપનીના અધિકારીઓ સત્વરે આ વીજપોલ અને ડીપી ખસેડવાની તસ્દી નહી લે તો દસથી વધુ ગામના લોકો સામુહિક રીતે વીજ કંપની સમક્ષ દેખાવો કરવાનું નક્કી કર્યું છે.

# પ્રાંતિજ ખાતે શ્રી બ્રહ્માણી માતાજીનો ચતુર્થ પાટોત્સવ યોજાયો



પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ખાતે ચતુર્થ પાટોત્સવ યોજાયો હતો જેમાં હવન પુજા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ સુપ્રસિદ્ધ પૌરાણિક શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે તા.૧૧-૫-૨૦૧૯ને શનિવારના રોજ એક દિવસ્ય ચતુર્થ પાટોત્સવ યોજાયો હતો. જેમાં મંદિરના વિશાળ ચોકમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હવનના યજમાન અમૃતભાઈ ગણપતભાઈ પટેલ હસ્તે રાકેશભાઈ અમૃતભાઈ પટેલ તથા મિતેશભાઈ અમૃતભાઈ પટેલના યજમાન પદે યોજાયું હતું જેમાં પ્રાંતિજ ખાતે રહેતાં પટેલ સમાજનાં ભાઈ-બહેનો સહિત તાલુકામાંથી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી બ્રહ્માણી માતાજી માઈ મંડળ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુરના રામલીલા મેદાનમાં ફરી ઝુંપડામાં આગ : સર સામાન બળીને ખાખ



પાલનપુર

પાલનપુર રામલીલા મેદાનમાં આવેલા ઝૂંપડપટ્ટીના એક ઝૂંપડામાં ફરીએક્વાર એકાએક આગ લાગતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. આગમાં તમામ સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

પાલનપુર રામલીલા મેદાનમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં છેલ્લા પંદર દિવસમાં આગનો બીજો બનાવ બન્યો હતો. જ્યાં ગુરૂવારે બપોરના સુમારે એકાએક એક ઝૂંપડામાં આગ લાગી હતી. જેના પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. હાથમાં જે આવ્યું તે પાત્ર લઈ પાણીનો મારો ચલાવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં ઝૂંપડામાં પડેલો તમામ માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગને પગલે ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. જોકે, સદનસીબે કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

# રાજસ્થાનથી ભૂલા પડેલા બાળકનુ અમીરગઢ પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું

**પિતા સાથે બસ સ્ટેન્ડ પરથી ભૂલા પડી બાળક મુંબઈની બસમાં બેસી જતાં ભૂલો પડ્યો હતો**

અમીરગઢ બોર્ડર ચેક પોસ્ટ ઉપર બપોરના ધોમ ધખતા તાપમાં રાજસ્થાન તરફથી એક બસ આવી ઉભી રહી સામાન્ય સંજોગોમાં



ગુનાહિત હેરાફેરી અટકાવવા પોલીસ વાહનો ઉભા રખાવી ચેક કરતી હોય છે. પણ આજે તો બસ સામેથી ઉભી રહેતા અમીરગઢ બોર્ડર વાહન ચેકિંગના ઈન્ચા.દિલાવરસિંહ તથા તેમની ટીમને આશ્ચર્ય સાથે કોઈ અજુગતો બનાવ તો નથી ને ? તેવા વિચાર સાથે બસ નજીક જતા બસના ક્લીનર એક નાના બાળક સાથે બસમાંથી નીચે ઉતરી આ બાળક રસ્તામાંથી ક્યાંકથી બેઠેલ છે. તથા તેને આગળ ક્યાં જવું તેવી જાણકારી નથી અને માં બાપ વિશે વધુ ઓળખ આપતું નથી તમો સાહેબ કંઈક કરો ? તેમ કહી પોલીસ પાસે મદદની અપેક્ષાએ બસવાળા નાના બાળકને સોંપી સમયસર પેસેન્જરો ઉતારવાના આશયથી નીકળી પડ્યા. પોલીસના ઈન્ચા. દિલાવરસિંહ તથા રોહિત કુમાર તથા ઈલિયાસ ખાન તથા અનિશખાન વિગેરેએ બાળક વતનથી, માબાપથી દૂર અજાણ્યા પ્રદેશમાં અજાણ્યા ખાખી કપડાધારી માણસો વચ્ચે હોય ગભરાયેલ જણાતા તેને પોતાના બાળકની જેમ હુંફ,પ્રેમ આપી વિશ્વાસમાં લઈ માતાપિતા તથા ગામ બાબતે માહિતી મેળવી તેના માતાપિતાને સિરોહીથી બોલાવી નાના બાળકને નજરથી દૂર નહિ રાખવાની સલાહ સાથે સોંપી પોલીસના સોશિયલ અભિ ગમને સાચા અર્થમાં સાબિત કરવા નો સુંદર પ્રયત્ન કરેલ. ઉપરોક્ત મળી આવેલ બાળક રાહુલ વિશાલરામ હીરાગર રહે. સગોલીયા સિરોહી (રાજસ્થાન) નું હોય અને તેના પિતા સાથે સિરોહી બસ સ્ટેન્ડ ઉપર આવેલ તે દરમ્યાન ભૂલથી મુંબઈ જતી બસમાં બેસી જતા અમીરગઢ ચેકપોસ્ટ ઉપર આવી ગયેલ જે પરત મેળવતા તેના પરિવારજનો પણ ખાખી પ્રત્યે ઉપકાર વ્યક્ત કરતા હોવાનું પ્રતિત થયેલ. પોલીસે તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતુ.

# ખેડબ્રહ્મા ખાતે દિવ્યાંગ સર્ટીફિકેટ કેમ્પ યોજાયો




ખેડબ્રહ્મા, તા. ૧૧

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાબરકાંઠાની પ્રેરણાથી બીઆરસી ખેડબ્રહ્મા દ્વારા દિવ્યાંગ બાળકોને તમામ સરકારી લાભ મળી રહે તે માટે પ્રમાણપત્રની જરૂર હોય છે. જે પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટે ખેડબ્રહ્મા અને પોશીનાના બાળકો માટે તા.૧૦-૫-૧૯ના રોજ કેમ્પનું આયોજન કરવામો આવેલ. જેમા કુલ ૮૯ બાળકોમોથી ૩૯ બાળકોને સર્ટી આપવામાં આવેલ જ્યારે ૫૦ બાળકોને રીફર કરવામો આવ્યા. આ સમગ્ર કામગીરી સીવીલ હોસ્પિટલ હિંમતનગરના સહયોગથી કરવામા આવેલ જેથી ઓઆઈસી કીર્તિસિંહ દ્વારા તમામ ડોકટરનો આભાર માનવામાં આવ્યો.

# ડીસાના વિરેન પાર્કથી હાઈવેનો રોડ ફરી બનતા હાશકારો

ડીસા, તા. ૧૧

ડીસાના વિરેન પાર્કથી પાટણ હાઈવેને જોડતો રોડ આખરે ફરી બની જતા તમામે હાશકારો અનુભવ્યો છે. પરંતુ આયોજન વગર બનાવી દેવાયેલ રોડના કારણે માર્ગ અકસ્માતોનો ખતરો મંડરાયો છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકામથક ડીસાની ક્ષિતિજો ચોમેરથી વિસ્તરતી જાય છે પરંતુ રસ્તાઓ સાંકડા બની જતા ટ્રાફિકનો પ્રશ્ન કાયમી બની ગયો છે. તેમાં પણ શહેરના અંબિકા ચોકથી પાટણ હાઈવેને જોડતો રોડ શહેરીજનો માટે આશિર્વાદરૂપ નિવડ્યો હતો. જેના કારણે હાઈવેની સોસાયટીઓ કે પાલનપુર-પાટણ જવા માટે લોકો આ વૈકલ્પિક રોડનો ઉપયોગ કરવા લાગ્યા હતા. જેથી મુખ્ય રોડ ઉપર ટ્રાફિકનું ભારણ હળવુ બનવા પામ્યું હતુ. પરંતુ આ રોડની માલિકી મુદ્દે વિવાદ થતા થોડા દિવસો અગાઉ



કોઈએ રાતના સુમારે આ રોડ ખોદી દીધો હતો. જેથી લોકોની હાડમારીઓ વધી પડી હતી. જોકે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાની મધ્યસ્થીથી વિવાદ ઉકેલાઈ ગયો હતો અને જગ્યાના માલિક દ્વારા નવો રોડ બનાવી દેવાયો છે પરંતુ પાલિકાએ રોડ બનાવવામાં નકરી વેઠ ઉતારી છે. કાચા રોડની બંને સાઈડે મોટા ખાડાઓ છે અને હાઈવેને જોડતો રોડ નીચો હોઈ માર્ગ અકસ્માતો સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. તેવી રોડ બન્યાની ખુશાલી લોકો માટે શ્રણજીવી નીવડી છે.

# કારમાં અચાનક આગ લાગતા શિક્ષકનું અરેરાટીભર્યું મોત

**મોટાસડા પાસે સકલાણાના શિક્ષકને નડ્યો અકસ્માત**

દાંતાના મોટાસડા પાસે વેલવાડા રોડ પાસે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં વડગામ તાલુકાના રૂપાલના વતની અને સકલાણા પ્રાથમિક શાળાના કારમાં સવાર શિક્ષકનું મોત નિપજ્યું હતું. જયારે ૨ લોકોને ઈજા થતા તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા.

વડગામ તાલુકાના સકલાણા ગામની પ્રાથમિક શાળાના શિક્ષકને મોટાસડા પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં કાર ઝાડ સાથે ટકરાતા કારમાં રહેલો સીએનજી સિલિન્ડર ફાટતા અલ્ટો કારમાં અચાનક આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે. જે અકસ્માતમાં કાર સળગી જતા રૂપાલ ગામના વતની અને સકલાણા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય દિલીપ ભાઈ સદાભાઈ પરમાર કારમાં ફસાઈ જતા તેઓ પણ આગમાં બળીને ભડથું થઈ જતા તેઓનું મોત નિપજ્યું હતું. જયારે અન્ય ૨ ઈજાગ્રસ્ત શિક્ષકોને સારવાર અર્થે ખસેડાયા હતા.

કારમાં સવાર શિક્ષકો મોડાસા ખાતે બી.એડ.ના વર્કશોપમાં જતા હોવાના અહેવાલ સાંપડ્યા છે. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ઘટનાની જાણ થતા દાંતા પોલિસ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.

સકલાણા પ્રાથમિક શાળાના આચાર્ય અને રૂપાલ ગામના વતની દિલીપભાઈ પરમાર નામના આશાસ્પદ યુવાનનું અકાળે મોત નીપજતાં તેમના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. જયારે ગામમાં પણ શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.